**૫. ખાલી જગ્યા પૂરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. એક વર્ષમાં પાખી પ્રતિક્રમણ ...... કરવાના હોય છે. | **૨૧** |
| ૨. પ્રતિક્રમણ જૈન ...... પદ્ધતિમાં ઓક્સિજન સમાન છે. | **સાધના** |
| ૩. ...... શબ્દનું ઉચ્ચારણ કરવું તે અનુભાષણ છે. | **વોસિરામિ** |
| ૪. ...... થી રસનેન્દ્રિય જીતાય છે. | **આયંબિલ** |

(૨૦)

**પ્ર. ૨ (અ) સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. સમાધિ શબ્દની સ્પષ્ટતા કેટલા નિક્ષેપથી થઈ શકે છે? કયા? તેમાંથી ચોથી સમાધિ અર્થ સહિત લખો.

**જ. છ નિક્ષેપથી થાય છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. ૪) ક્ષેત્ર સમાધિ – જે ક્ષેત્રમાં રહેવાથી ચિત્ત શાંત અને સ્વસ્થ થાય તે.**

૨. ચારિત્ર સમાધિથી કોણ દૂર રહે છે?

**જ. પોતાની જાતને અમર માનીને દિવસ-રાત ધન પ્રાપ્તિ, ધન સંચય, સાંસારિક પદાર્થો, પરિવાર આદિમાં મમત્વભાવ રાખી તેની રક્ષા કે વૃદ્ધિની ચિત્તમાં જ મગ્ન રહે છે, તેઓ સમાધિના કારણભૂત ત્યાગ-વૈરાગ્ય કે સંયમ-તપ આદિ ચારિત્ર સમાધિથી દૂર રહે છે.**

૩. આહારની આસક્તિ કેવા પાપ કરાવે છે?

**જ. આહારની આસક્તિ છળ-પ્રપંચ, અસત્ય આચરણ, ચોરી કે આહારની સંગ્રહવૃત્તિ વગેરે પાપ કરાવે છે.**

૪. ચાર્વાક દર્શનની શું માન્યતા છે?

**જ. ચાર્વાક દર્શન અનુસાર આત્મા જ નથી, તેથી ક્રિયા અને ક્રિયાથી થતો કર્મબંધ પણ શક્ય નથી. આત્મામાં બદ્ધ કે મુક્તનો વ્યવહાર ઔપચારિક છે.**

**૫. માત્ર સંખ્યા લખો.**

૧. અસમાધિ સ્થાન – **૨૦**
૨. મનથી કેટલાનો વિનય કરે? – ૮
૩. અજ્ઞાનવાદીના ભેદ – **૬૭**
૪. ૧૧ મા અધ્યયનની ગાથા – ૩૮

**(આ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ૪, ૭, ૯, ૧૦ એ ચાર સુખના પ્રકાર લખો.

**જ. ૪) કામ – શબ્દ, રૂપનું સુખ. ૭) અસ્તિ – જ્યારે જે વસ્તુની જરૂરિયાત હોય ત્યારે તેની પૂર્તિ થઈ જવી. ૯) નિષ્ક્રમણ – પ્રવ્રજિત થવાનો યોગ મળવો. ૧૦) અનાબાધ – અવ્યાબાધ સુખ, જન્મ-મૃત્યુ આદિથી રહિત એવું મુક્તિનું સુખ.**

૨. કષાયના મુંડન કયા કયા છે? અર્થ સહિત લખો.

**જ. ક્રોધ મુંડ – ક્રોધ કષાયને જીતનારા, માન મુંડ – માન કષાયને જીતનારા, માયા મુંડ – માયા કષાયને જીતનારા, લોભ મુંડ – લોભ કષાયને જીતનારા.**

૩. ચોથી-પાંચમી સમાચારી લખો.

**જ. ૪) આવશ્યકી સમાચારી – ઉપાશ્રયની બહાર જતા સમયે હું આવશ્યક કાર્ય માટે બહાર જાઉં છું એમ દર્શાવવા આવસ્સહી આવસ્સહી શબ્દનું ઉચ્ચારણ કરવું. ૫) નૈષેધકી સમાચારી – કાર્ય કરીને આવી ગયો છું એ દર્શાવવા ણિસ્સિહિ ણિસ્સિહિ શબ્દનું ઉચ્ચારણ કરવું.**

૪. ભગવાનનું ચોથું સ્વપ્ન કયું હતું? તે સ્વપ્નનું ફળ લખો.

**જ. ભગવાન મહાવીર સ્વામીએ ચોથા સ્વપ્નમાં સર્વ રત્નમયી બે મોટી માળા જોઈ. તે જોઈને જાગૃત થયા. તેન ફળરૂપે શ્રમણ ભગવાન મહાવીરે બે ધર્મની પ્રરૂપણા કરી તે અગાર ધર્મ અને અણગાર ધર્મ.**

**૫. માત્ર સંખ્યા લખો.** ગણિપિટક – **૧૨**, ઈન્દ્રિયના મુંડન – **૫**, તીર્થ – ૪, ઉ. અવગાહનાવાળા સિદ્ધ – **૨**

**પ્ર. ૩ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે માત્ર એક શબ્દમાં જવાબ લખો.**

| | જવાબ |
|---|---|
| ૧. ૧૬ મા અધ્યયનનું નામ શું છે? | **અમરકંકા – દ્રૌપદી** |
| ૨. યક્ષશ્રીના પતિનું નામ શું હતું? | **સોમભૂતિ** |
| ૩. ધર્મરુચિ અણગારના ગુરુનું નામ શું હતું? | **ધર્મઘોષ મુનિ** |
| ૪. ધર્મરુચિ કેવી રીતે કાળધર્મ પામ્યા? | **સંથારાપૂર્વક** |
| ૫. નાગશ્રી કાળ કરીને ક્યાં ઉત્પન્ન થઈ? | **છટ્ઠી નરક – તમ:પ્રભા** |
| ૬. સુકુમાલિકાના પિતાનું નામ શું હતું? | **સાગરદત્ત** |
| ૭. સુકુમાલિકાએ કોની પાસે દીક્ષા લીધી? | **ગોપાલિકા સાધ્વી** |
| ૮. ગણિકાનું નામ શું હતું? | **દેવદત્તા** |
| ૯. દેવ ગણિકાને શું કહેવાય? | **અપરિગૃહિતા દેવી** |
| ૧૦. દ્રૌપદીની માતાનું નામ શું હતું? | **ચુલણી** |
| ૧૧. દ્રૌપદીનો સ્વયંવર કયા નગરમાં થયો? | **કાંપિલ્યપુર** |
| ૧૨. સ્વયંવરમાં દ્રૌપદીએ હાથમાં શું ગ્રહણ કર્યુ? | **શ્રીદામકાંડ** |
| ૧૩. પાંચ પાંડવ કયા નગરમાં રહેતા હતા? | **હસ્તિનાપુર** |
| ૧૪. હસ્તિપુરમાં કયા નારદ આવ્યા? | **કચ્છુલ્લ** |
| ૧૫. યુધિષ્ઠિનો જીવ હમણા ક્યાં છે? | **મોક્ષમાં** |
| ૧૬. પાંડવો કયા તીર્થંકરના શાસનમાં થયા? | **નેમનાથ – અરિષ્ટનેમિ** |
| ૧૭. પાંડવાએ બેલાતટ પર કઈ નગરી વસાવી? | **પાંડુ મથુરા** |
| ૧૮. દ્રૌપદીના રૂપ લાવણ્ય પર કોણ મોહિત બન્યું? | **પદ્મનાભ રાજા** |
| ૧૯. પૂર્વાર્દ્ધ ધાતકીખંડમાં અર્ધ ભરતક્ષેત્રના રાજા કોણ હતા? | **કપિલ વાસુદેવ** |
| ૨૦. ધાતકીખંડની ચંપાનગરીની કયા તીર્થંકર પધાર્યા? | **મુનિસુવ્રત સ્વામી** |

(૨૦)

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૮)**

૧. ણાણં ...... સીહિં **પાના નં. ૬૧ ગાથા ૨** ૨. ધમ્મો ...... જંતવો **પાના નં. ૬૬ ગાથા ૮**

૩. રાગો ...... ણામ **પાના નં. ૭૩ ગાથા ૨૦** ૪. તવો ...... તવો **પાના નં. ૮૪ ગાથા ૩૪**

**(૨) નીચેની ગાથાઓનો માત્ર ભાવાર્થ લખો.** **(૬)**

૧. ખવિત્તા પુવ્વકમ્માઈ, સંજમેણ તવેણ ય । સવ્વદુકખ પહીણટ્ઠા, પક્કમંતિ મહેસિણો ॥

**જ. પાના નં. ૮૫ ગાથા – ૩૬ નો માત્ર ભાવાર્થ.**

૨. તત્થ પંચવિહં ણાણં, સુયં અભિણિબોહિયં । ઓહિણાણં તુ તઈયં, મણણાણં ચ કેવલં ॥

**જ. પાના નં. ૬૨ ગાથા – ૪ નો માત્ર ભાવાર્થ.**

૩. નિસગ્ગુવએસ રુઈ, આણારુઈ સુત્ત બીયરુઈમેવ । અભિગમવિત્થારરુઈ, કિરિયા સંખેવ ધમ્મરુઈ ॥

**જ. પાના નં. ૭૧ ગાથા – ૧૬ નો માત્ર ભાવાર્થ.**

**(૩) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.** **(૬)**

૧. ચારિત્ર કેટલા છે? કયા કયા?

**જ. પાંચ ચારિત્ર છે. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત.**

૨. અઠયાવીસમાં અધ્યયનનું નામ શું છે? તેમાં કેટલી ગાથા છે?

**જ. મોક્ષમાર્ગ. તેમાં ૩૬ ગાથા છે.**

૩. પુદ્‌ગલના લક્ષણ કયા કયા છે?

**જ. શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતાપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ.**

૪. જિનેશ્વર ભગવાને મોક્ષમાર્ગ કોને કહ્યો છે?

**જ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને મોક્ષમાર્ગ કહ્યો છે.**

૫. સૂત્ર રુચિ કોને કહે છે?

**જ. અંગ પ્રવિષ્ટ અને અંગ બાહ્ય સૂત્રોનો અભ્યાસ કરતા શ્રુતજ્ઞાનથી જે સમ્યક્‌ત્વ પ્રાપ્ત થાય તે સૂત્ર રુચિ.**

**૬. ખાલી જગ્યા પૂરો.** ૧. સાધકો માટે આ અધ્યયન ...... રૂપ છે. **દીવાદાંડી**

૨. અનંત જીવો એકસાથે જ ...... ક્રિયા કરે છે. **આહારાદિ**

**(૨૦)**

**પ્ર. ૫ ૨૩ પદવીના આધારે નીચેના પ્રશ્નના જવાબ લખો.**

૧. આયુધશાળામાં ઉત્પન્ન થતા રત્નોનું કાર્ય લખો.

**જ. ૧) ચક્ર રત્ન – છ ખંડ સાધવાનો માર્ગ દેખાડે. ૨) છત્ર રત્ન – ૧૨ યોજન સુધી છાયા કરે. ૩) દંડ રત્ન – તમિસ્ત્ર–ખંડપ્રપાત ગુફાના દરવાજા ઉઘાડે. ૪) ખડગ રત્ન – શત્રુને હણે.**

૨. નવ ઉત્તમ પદવીમાંથી શલાકા પુરુષમાં કઈ કઈ પદવીનો સમાવેશ થાય છે?

**જ. તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ અને બળદેવ.**

૩. લક્ષ્મીના ભંડારમાં ઉત્પન્ન થતા રત્નોની અવગાહના લખો.

**જ. ૧) ચર્મ રત્ન ૨ હાથનું હોય. ૨) મણિ રત્ન ૪ આંગુલ લાંબું, ૨ આંગુલ પહોળું તેને ત્રણ ખૂણા હોય. ૩) કાકણ્ય રત્ન છએ બાજુથી ૪ આંગુલ લાંબું, ૪ આંગુલ પહોળું, ચાર આંગુલ ઊંચું તેને ૬ તલ, ૮ ખૂણા અને ૧૨ હાંસ્યો હોય.**

૪. કઈ કઈ નરકથી નીકળેલા તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ અને બળદેવ થઈ શકે?

**જ. પ્રથમ ત્રણ નરકના નીકળેલા તીર્થંકર, પ્રથમ બે નરકના નીકળેલા વાસુદેવ અને બળદેવ, પહેલી નરકના નીકળેલા ચક્રવર્તી થઈ શકે.**

૫. જેમની અવગાહના ચક્રવર્તી જેટલી હોય એ રત્નનું કાર્ય લખો.

**જ. ૧) સેનાપતિ રત્ન દેશ પર વિજય મેળવે. ૨) ગાથાપતિ રત્ન ચોવીસ જાતના ધાન્ય ઉપજાવે. ૩) વાર્ધિક રત્ન ૪૨ ભૂમિ (માળ) ના આવાસ, પુલ વગેરે બનાવે. ૪) પુરોહિત રત્ન વાગ્યા ઘા રૂઝવે, વિઘ્ન ટાળે, શાંતિકર્મ કરે.**

૬. જઘન્ય અવગાહનામાં કેટલી પદવી પામે? શા માટે?

**જ. સમકિત એક જ પદવી પામે કારણ કે જઘન્ય અવગાહના ઉત્પત્તિના સમયે અપર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. તેથી તેમાં સમકિત સિવાયની બીજી પદવી હોતી નથી. સમકિત લઈને ઉત્પન્ન થનારા જીવોની અપેક્ષાએ જઘન્ય અવગાહનામાં સમકિત હોય છે.**

૭. પાંચમી ગ્રૈવેયક અને પાણીમાંથી નીકળેલા કેટલી પદવી પામે?

**જ. પાંચમી ગ્રૈવેયકમાંથી નીકળેલા ૧૪ પદવી પામે તે ૯ ઉત્તમ પદવી, સેનાપતિ, ગાથાપતિ, વાર્ધિક, પુરોહિત, અને સ્ત્રી રત્ન.**

**પાણીમાંથી નીકળેલા ૧૯ પદવી પામે તે ૭ એકેન્દ્રિય રત્ન, ૭ પંચે. રત્ન, કેવળી, સાધુ, શ્રાવક, સમકિતી, માંડલિક.**

૮. મનુષ્ય અને તિર્યંચમાં કેટલી અને કઈ પદવી લાભે?

**જ. મનુષ્યમાં ૧૩ પદવી લાભે તે ૯ ઉત્તમ પદવી, સેનાપતિ, ગાથાપતિ, વાર્ધિક અને પુરોહિત.**

**તિર્યંચમાં ૧૧ પદવી લાભે તે ૭ એકેન્દ્રિય, ગજ, અશ્વ, શ્રાવક અને સમકિત.**

૯. નીચેનામાં કેટલી પદવી લાભે માત્ર સંખ્યા લખો.

**જ. શંખ – ૧ શ્રુતજ્ઞાન – ૧૪ સાધુ – ૪ કેવળી – ૪**

૧૦. હાથી, હેમવયના મનુષ્ય, તાપસ અને આહારક શરીરમાં કેટલી અને કઈ પદવી લાભે?
**જ. હાથી – ૩ પદવી તે ગજ, શ્રાવક અને સમકિત** હેમવયના મનુષ્ય – **૧ પદવી તે સમકિત**
તાપસ – **૪ પદવી તે કેવળી, સાધુ, શ્રાવક, સમકિત** આહારક શરીર – **૨ પદવી તે સાધુ, સમકિત**

(૧૦)

**પ્ર. ૬ નીચેના જીવોની માર્ગણા લખો. (કોઠો બનાવીને લખો.)**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. અધોલોક વચનયોગી દેવોમાં | **0** | **0** | **0** | **૨૫** | **૨૫** |
| ૨. નોગર્ભજ અભાષક સમ્યગ્દ્દષ્ટિમાં | **૬** | **૮** | **0** | **૮૧** | **૯૫** |
| ૩. તિર્ચ્છાલોક પ્રત્યેક શરીરી બાદર પર્યાપ્તામાં | **0** | **૧૮** | **૧૦૧** | **૩૬** | **૧૫૫** |
| ૪. ઔદારિક તેજોલેશ્યામા | **0** | **૧૩** | **૨૦૨** | **0** | **૨૧૫** |
| ૫. સમુચ્ચય અસંજ્ઞી ત્રસમાં | **૧** | **૨૧** | **૧૭૨** | **૫૧** | **૨૪૫** |
| ૬. એકાંત મિથ્યાદષ્ટિ મરવાવાળામાં | **0** | **30** | **૧૫૭** | **૧૮** | **૨૦૫** |
| ૭. ભવ્યસિદ્ધિ શાશ્વતામાં | **૭** | **૪૩** | **૧૦૧** | **૯૯** | **૨૫0** |
| ૮. ઔદારિક મિશ્રયોગી ત્રસમાં | **0** | **૧૮** | **૨૧૭** | **0** | **૨૩૫** |
| ૯. પ્રત્યેક શરીરી બાદર પર્યાપ્તામાં | **૭** | **૧૮** | **૧૦૧** | **૯૯** | **૨૨૫** |
| ૧૦. ત્રસ ઔદારિક શરીર અભાષકમાં | **0** | **૧૩** | **૨૧૭** | **0** | **૨૩0** |

**જય જિનેન્દ્ર**